# કેશુડાનો રંગ...



હોળી - ધૂળેટીમાં રંગોની જમાવટ હોય ત્યારે ખાસ કેશુડાને યાદ કરવામાં આવે છે, પરંતુ ઘણાં ઓછા લોકોને ખબર હશે કે કેશુડાના ફુલને આયુર્વેદમાં શિતલતાની ઉપમા આપવામાં આવતા લોકો ઠંડક મળે છે. આજકાલ કેશુડાની સીઝન ચાલી રહી હોય તસવીરમાં દ્રશ્યમાન એક મહિલા કેશુડાની લારી ભરીને વેચાણ અર્થે ઉભેલી નજરે પડે છે. લોકો આ કેશુડાની ધૂમ ખરીદી કરી રહ્યા છે.

# હાટકેશ્વર મંદિરના મામલે એસ.પી.ને રજુઆત કરાઈ

ભાવનગર, શનિવાર

ભાદેવાની શેરીમાં આવેલા હાટકેશ્વર મહાદેવ મંદિરના મામલે આજે જિલ્લા પોલીસ વડાને રજુઆત કરવામાં આવી હતી.

ભાદેવાની શેરીમાં નાગર જ્ઞાતિના હાટકેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા - અર્ચના કરવા આવતા પૂજારી તેમજ મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તોને રૂકાવટ કરી, મંદીરમાં અખંડ દીવો નહીં કરવા, ઘંટનાદ નહીં કરવા, આરતી ન કરવી તેવી ધમકી ચંદુભાઈ સોની અને તેમના પુત્રો દ્વારા આપવામાં આવતી હોય આ અંગે નાગર જ્ઞાતિઓનું એક પ્રતિનિધિ મંડળ જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર પાઠવવા દોડી ગયું હતું.

જ્ઞાતિના આગેવાનોએ હરકાંતભાઈ દેસાઈ, દધીચી મહેતા, ધર્મેન્દ્રભાઈ મહેતા અને આશુતોષભાઈ ઓઝા વગેરે પોલીસ વડાને મળીને ધાર્મિક લાગણી દુભાવનાર ઈસમો વિરૂદ્ધ પગલાં ભરવા માંગણી કરી છે.

# દેસાઈનગર વિસ્તારમાં નાળુ દુર કરાતા રહીશોમાં રોષ

## આ નાળામાંથી પસાર થતું ગંદુ પાણી હવે ત્યાં જ ભરાય અને તેનાથી લોકોના આરોગ્યને અસર થશે તેવી ચિંતા વ્યકત કરીઃ મામલો પોલીસ મથકે પહોંચ્યો

ભાવનગર, શનિવાર

શહેરના દેસાઈનગર વિસ્તારમાં ખાનગી નાળું તોડવા બાબતે સ્થાનિક રહીશોએ વિરોધ કરતા સમગ્ર મામલો પોલીસમાં પહોંચ્યો છે.

શહેરના ચિત્રા રોડ ઉપર આવેલા દેસાઈનગર પેટ્રોલ પંપની સામેના ભાગે ખાનગી નાળુ આવેલું છે. આજે આ જગ્યાના ખરીદાર દ્વારા નાળાને તોડવા માટેની કાર્યવાહી આરંભવામાં આવતા સ્થાનિક નાગરિકોએ વિરોધ કર્યો હતો.

આ નાળામાંથી ગટરનું પાણી વહેતું હોય, નાળુ દૂર થવાથી ગંદુ પાણી સ્થાનિકોના ઘરમાં ઘુસી જવાની ભીતિ હોય સ્થાનિકોએ દેકારો કરતા મામલો ડી ડિવીઝન પોલીસ મથકમાં પહોંચ્યો હતો. આ વિસ્તારમાં રહેતા રાજેશ્વરીબા મહેન્દ્રસિંહ ગોહિલે ડી ડિવીઝન પોલીસમાં પાંચ વ્યક્તિઓ વિરૂદ્ધ ધાક ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે. ભાવનગર શહેરમાં ફરી એક વખત જમીન સંબંધી ગુન્હાઓનું પ્રમાણ વધી ગયું હોય સામાન્ય નાગરિકોએ જીવવું મુશ્કેલ બન્યું છે. શહેરની સારી અને મોકાની જગ્યાઓ મેળવવા માટે લેન્ડ માફિયાઓ શામ, દામ, દંડની નીતિ અખત્યાર કરી રહ્યા હોય તંત્ર એ આ દિશામાં યોગ્ય પગલાં ભરી લોકોને ભયમુકત કરવા જોઈએ તેવી માંગણી થઈ રહી છે.

# ભાવનગર નાગરિક બેંકમાં દસ્તાવેજના નામનો નવો વિવાદ

## શનિવારે મળનારી બેંકની બોર્ડ બેઠકમાં ચર્ચા ગરમાવો લાવે તેવી શક્યતાઃ લોન ધારકોના દસ્તાવેજોમાં કંઈક ગેરરીતિ થઈ હોવાનો મામલો પ્રકાશમાં

ભાવનગર, શનિવાર

ભાવનગર નાગરિક સહકારી બેંકમાં દસ્તાવેજના મામલે દેકારો થયો છે. શનિવારે મળનારી બેંકની બોર્ડ બેઠકમાં પણ આ મુદ્દે ગરમાવો આવે તેવી શક્યતા છે.

ભાવનગર નાગરિક સહકારી બેંકમાં લોન કૌભાંડ હજુ ભૂલાયું નથી. ત્યાં દસ્તાવેજનું ભૂત ધુણવા લાગતા સહકારી ક્ષેત્રમાં ખળભળાટ વ્યાપી ગયો છે. શનિવારે મળનારી નાગરિક બેંકની બોર્ડ બેઠકમાં આ મામલે ગરમાવો આવે તેવી શક્યતા છે.

નાગરિક બેંકમાં ચૂંટાયેલા ડાયરેકટર ઉમંગ જોશી, જીતુ ઉપાધ્યાય સહિતના ડિરેકટરોએ લોન પેટે કબજામાં રહેતા ઓરીજનલ દસ્તાવેજોની સ્થિતિ અંગે ચિંતા વ્યકત કરતા આ બાબતે રજીસ્ટ્રાર કચેરી સુધી મામલો પહોંચ્યો છે. ત્યારે લોન પેટેના દસ્તાવેજોમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી છે.

આ પ્રકરણ બાબતે બેંકના મેનેજરનો સંપર્ક કરવામાં આવતાં તેમણે આ પ્રકરણ અંગે પોતે અજાણ હોવાનું જણાવ્યું હતું, બેંકમાં જ્યારે ખોટું થયાની વાત ચર્ચામાં હોય અને બેંકનો જવાબદાર અધિકારી કશું જાણતા ન હોય તે બાબત પણ ચર્ચાસ્પદ બની છે.